


# NRG TIMES

A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION

CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY

પ્રકાશક : એનઆરજી ફાઉન્ડેશન, ગાંધીનગર

તા. જુલાઇ ૩૧, ૨૦૨૧ • અષાઢ વદ ૮, સંવત ૨૦૭૭


Gujarat State Non-Resident Gujaratis' Foundation (A Government of Gujarat Organization)



**Shri Vijay Rupani**
Hon'ble Chief Minister
Gujarat State



**Shri Nitin Patel**
Hon'ble Deputy Chief Minister, Gujarat State



**Shri Pradipsinh Jadeja**
Hon'ble Minister of State for NRGs (Independent Charge), Govt. of Gujarat



**Shri Dhananjay Dwivedi(I/C), IAS**
Hon'ble Chairman, GSNRGF
Secretary (NRI),
Govt. of Gujarat



**Shri Vikramsinh Jadav**
Director
GSNRGF


**Contact Address**

Gujarat State Non-Resident Gujaratis' Foundation
Block No. 16, 3rd Floor,
Udhyog Bhavan, Sector - 11,
Gandhinagar.

Phone : +91-79-23238278

E-mail : nrgfoundation@yahoo.co.in

www.facebook.com/GSNRGF



FOR PRIVATE CIRCULATION ONLY


# ધોળાવીરાને વર્લ્ડ હેરિટેજ સાઇટ જાહેર કરાઇ

## વૈશ્વિક ધરોહર બનનારું દેશનું ૪૦મુ અને ગુજરાતનું ચોથું સ્થળ



યુનેસ્કો દ્વારા કચ્છના પ્રાચીનતમ નગર ધોળાવીરાને વર્લ્ડ હેરિટેજ સાઇટમાં સમાવેશ કરવાની જાહેરાત કરાઇ છે. આ અંગે રાજ્યના મુખ્યપ્રધાન શ્રી વિજયભાઈ રુપાણીએ ટ્વીટ કરીને જાણકારી આપી હતી. તેમણે આ જાહેરાતને આવકારીને જણાવ્યું છે કે, 'ગુજરાતની ગૌરવસિદ્ધિમાં વધુ એક સિમાચિહ્ન ઉમેરાયું છે. આ સાથે ગુજરાત ચાર-ચાર વર્લ્ડ હેરિટેજ સાઇટ ધરાવતું રાજ્ય બન્યું છે. આવા નિર્ણયથી ગુજરાતના પ્રવાસન ઉદ્યોગને મોટો ફાયદો થશે.'

ગુજરાતના કચ્છમાં આવેલા પુરાતન વિરાસત એવા ધોળાવીરાને હવે વર્લ્ડ હેરિટેજનો દરજ્જો મળી ચુક્યો છે. આર્કિયોલૉજિકલ સર્વે ઑફ ઇન્ડિયાએ ધોળાવીરાને વર્લ્ડ હેરિટેજ યાદીમાં સમાવવા યુનેસ્કોના વર્લ્ડ હેરિટેજ સાઇટ તરીકેના નોમિનેશન માટે ડોઝિયર મોકલ્યું હતું. ચીનના ફૂઝોઉ શહેરમાં વર્લ્ડ હેરિટેજ કમિટીનું ૪૪મુ સત્ર ચાલી રહ્યું છે જેમાં ૨૭મી જુલાઇ ૨૦૨૧ના રોજ ચર્ચા વિચારણા કરાયા બાદ ભારતના મજબૂત દાવા અને ડોઝિયરના પગલે આ જાહેરાત કરવામાં આવી છે. વર્લ્ડ હેરિટેજનો દરજ્જો મળતા હવે ધોળાવીરાને વૈશ્વિક ઓળખ મળશે. વિશ્વ વિરાસતમાં સામેલ થનારું મોહેંજો-દડો પછી ધોળાવીરા હડપ્પા સભ્યતાનું બીજું સ્થળ બન્યું છે.

આ સાથે જ રાણકીવાવ, ચાંપાનેર અને અમદાવાદ સહિત ગુજરાતના ૪ સ્થળો હવે યુનેસ્કોની યાદીમાં વિશ્વ વિરાસત હોવાનું ગૌરવ ધરાવે છે. ઇતિહાસકારો અને પુરાતત્વવિદો માટે કચ્છનું આ સ્થળ હંમેશા આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે. કચ્છમાં પર્યટન વિકસ્યા પછી ધોળાવીરા સાઇટનું મહત્વ વધી ગયું હતું. ભુજથી લગભગ બસો કિલોમીટર ઉત્તરમાં ખડીરબેટ આવેલો છે. આ બેટ પર જ ધોળાવીરા ગામ વસ્યું છે. કચ્છના કોઈ પણ સામાન્ય ગામ જેવું જ લાગતુ આ ગામ એક અસામાન્ય નગર રચનાનો ૪૫૦૦ વર્ષ જુનો ઇતિહાસ સાચવીને બેઠું છે.

ભારત સરકારે ગત વર્ષે ધોળાવીરાને યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઇટ માટે સામેલ કરવા ડોઝિયર મોકલ્યું હતું, ત્યારબાદ યુનેસ્કોની ટીમ ધોળાવીરા આવીને સાઇટનું નિરીક્ષણ પણ કર્યું હતું. પ્રવાસન ક્ષેત્રે વિકાસની હરણફાળ ભરી રહેલા કચ્છની યશ કલગીમાં વધુ એક પીંછુ ઉમેરાયું હોય તેમ ધોળાવીરાનો વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સમાવેશ કરવામાં આવતા ધોળાવીરા સાઈટ તેમજ ખડીર વૈશ્વિક નકશા પર આવી જશે. અહીં હવે પ્રવાસનની નવી જ તકો ઉભી થશે.

(Sources : www.gujaratsamachar.com, www.divyabhaskar.co.in)




વહાલા બિન નિવાસી ગુજરાતી મિત્રો,
NRG Times માટે આપનો પ્રતિભાવ તેમજ કોઇ સુચન હોય તો મોકલી આપવા વિનંતી છે. જેથી આપના માટે પ્રકાશિત થતાં આ મેગેઝીનને વધુ ઉપયોગી બનાવી શકાય.

## પાયલ કાપડીયાની ફિલ્મને કાન્સમાં શ્રેષ્ઠ ડોક્યુમેન્ટરીનો એવોર્ડ

કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં મુંબઈ સ્થિત ફિલ્મમેકર પાયલ કાપડીયાની ફિલ્મ 'અ નાઈટ ઓફ નોઈંગ નથીંગ'ને શ્રેષ્ઠ ડોક્યુમેન્ટરી ફિલ્મ માટેનો ગોલ્ડન આઈ એવોર્ડ એનાયત થયો હતો. દુનિયાભરની ૨૮ ડોક્યુમેન્ટરીની યાદીમાં આ ફિલ્મ વિજેતા બની હતી. પાંચ સભ્યોની




જ્યૂરીનું નેતૃત્વ અમેરિકન ડોક્યુમેન્ટરી પ્રોડ્યુસર એઝરા એડલમેને સંભાળ્યું હતું. 'અ નાઈટ ઓફ નોઈંગ નથીંગ' એ એવા કોલેજ સ્ટુડન્ટની કથા છે જે પોતાના પ્રેમીથી દૂર હોય ત્યારે પ્રેમીને પત્રો લખતી હતી.

(Source : www.gujarat-samachar.com)

## વાછોડા ગામના યુવાનને અમેરિકામાં વિશ્વની નંબર વન ઓડિટ કંપનીમાં સ્થાન મળ્યું

પોરબંદર તાલુકાના વાછોડા ગામના વતની અને વાછોડાથી રોજડા જતા રસ્તે ફક્ત છ એકર વાડી ધરાવતા ખેડૂત રામભાઈ આલાભાઇ ગોઢાણિયાના પુત્ર નિલેશને અમેરિકામાં વિશ્વની નંબર વન કંપનીમાં નોકરી મળી છે. સી.એ.નો અભ્યાસ કરી વધુ અભ્યાસ માટે અમેરિકા ગયેલ નિલેશને ત્યાં ખૂબ જ સારી ટકાવારી મળતા અમેરિકામાં વિશ્વની ચાર મોટી



ઓડિટ ફાર્મ કંપનીમાં E Y ફાર્મ કંપનીમાં જોબ મળી છે. નિલેશે ચાર ધોરણ વાછોડા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરેલ ત્યારબાદ ધોરણ ૫ થી ૭ રોજડા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરી ધોરણ ૮ થી ૧૦ બગવદર ગ્રામ્ય ભારતી વિદ્યાલયમાં અભ્યાસ કર્યો હતો. આગળનો અભ્યાસ અને સી.એ. વડોદરામાં કરી તેઓ અમેરિકા ગયા હતા.

(Source : www.divyabhaskar.co.in)

## હરિદ્વાર ગુજ્જુ પરિવાર દ્વારા બાળકો માટે સેમિનાર




હરિદ્વાર ગુજ્જુ પરિવાર નામની સંસ્થા દ્વારા સુરતના રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા શિક્ષક પ્રહર્ષાબેન મહેતાના સહકારથી હરિદ્વારમાં વસતા ગુજરાતી સમુદાયના ૧૫૦થી વધુ પરિવારોના ધોરણ-૭થી ઉપરના તમામ બાળકો માટે પર્સનાલિટી ડેવલપમેન્ટ અને સ્કૂલ એજ્યુકેશન સાથે સ્પર્ધાત્મક પરીક્ષાના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રહર્ષાબેન મહેતા JEE, NEET, UPSC વગેરે જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ૩૯ વર્ષનો અનુભવ ધરાવે છે. તેઓએ બાળકોને આ પરીક્ષાઓનું મહત્વ સમજાવતા તેની તૈયારી કેવી રીતે કરવી અને સરકારની વિવિધ પ્રોત્સાહક યોજનાઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમનું ઉદ્ઘાટન હરિદ્વાર ગુજ્જુ પરિવારના પ્રમુખ રાજેશ પાઠકે પુષ્પ અર્પણ કરી કર્યું હતું. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પત્ર દ્વારા શુભેચ્છા પાઠવી હતી.

## અમેરિકાની ASRSમાં ડૉ. ગૌરવ શાહને સ્થાન

ASRS American Society of Retina Specialists



અમેરિકન સોસાયટી ઓફ રેટિના સ્પેશિયાલિસ્ટ્સ એક્ઝિક્યુટિવ બોર્ડમાં ઇન્ડિયન અમેરિકન ફિઝિશિયન ડૉ. ગૌરવ શાહને સ્થાન અપાયું છે. આ બોર્ડમાં સ્થાન મેળવનાર તેઓ પ્રથમ ઇન્ડિયન અમેરિકન છે. ડૉ. ગૌરવ શાહે ઇલિનોઈસ યુનિવર્સિટીની શિકાગો ખાતેની મેડિકલ સ્કૂલમાંથી ડિગ્રી મેળવેલી છે. તેમણે યુનિવર્સિટી ઓફ મિન્નેસોટાના ડિપાર્ટમેન્ટ ઓફ ઓપ્થાલ્મોલોજીમાં ત્રણ વર્ષ માટે રેસિડેન્ટ ડોક્ટર તરીકે ફરજ બજાવેલી છે અને વિલ્સ આઈ હોસ્પિટલના ફેલો તરીકે બે વર્ષ કામગીરી કરી છે. તેઓ ૨૦૦૧-૦૨માં ઓપ્થાલ્મોલોજી ક્લિનિકલ ટીચર તરીકે ચૂંટાઈ આવ્યા હતા. તેમણે ઓપ્થાલ્મોલોજી વિષે ૧૬૭ આર્ટિકલ્સ અને ૧૩ પુસ્તકો લખ્યા છે.

(Source : www.akilanews.com)

## અમેરિકામાં કેલિફોર્નિયા ખાતે ભારતીય મૂળના ૨૪ સફળ પ્રતિભાશાળી મહિલાઓનું સન્માન કરાયું

ભારતીય નારીએ વિદેશમાં કરેલ પ્રગતિ રાષ્ટ્રના સ્વાભિમાનને ગૌરવ અપાવનારી છે. આજની આધુનિક નારી તેની આસપાસની નબળાઈઓને દૂર કરી મજબૂત પ્રગતિ થકી સમાજ, કુટુંબ અને રાષ્ટ્રનું ગૌરવ બનવા સતત પ્રયત્નશીલ છે. સાહસ, પરિપક્વતા, સહિષ્ણુતા તથા મક્કમ નિર્ધારના કારણે તેણે દેશ અને વિદેશની ધરતી ઉપર પોતાની વિશેષ ઓળખ ઊભી કરી છે. ભારતીય સમાજ જ્યાં જાય ત્યાં ભારતીયતાનો ધ્વજ લહેરાવે છે. વિદેશની ધરતી ઉપર ભારતીય સ્ત્રીની પ્રગતિ, સાહસ અને કર્મશીલતાને સન્માનવામાં આવ્યા છે. અમેરિકામાં આ વરસે પ્રથમવાર ભારતના ગૌરવસમા અશોકચક્રના ૨૪ આરાની થીમ ઉપર ભારતીય મૂળની ૨૪ વિવિધ ક્ષેત્રની પ્રતિભાસંપન્ન અને સફળ નારીઓના સન્માનનો સમારોહ યોજવામાં આવ્યો હતો. કેલિફોર્નિયા ખાતે યોજાયેલા આ કાર્યક્રમનું સ્ટેપ ટૂ સ્ટેપ ઇન્કના વાસુ પવાર, ઇન્ડો અમેરિકન કલ્ચરલ સોસાયટી ઓફ નોર્થ અમેરિકાના પરિમલ શાહ તથા લેબોન



હોસ્પિટાલિટી ગ્રૂપના યોગી પટેલ દ્વારા આયોજન થયું હતું. સન્માન સમારોહમાં ઓટિઝમની ખામીવાળી બાળકો માટે જેમના પ્રયાસથી એક લાખ ડોલરનું દાન એકત્ર થયું એવા ૧૬ વર્ષીય વિદ્યાર્થિની રાધિકા શાહ, પ્રીપેઇડ યુએસએના ફાઉન્ડર અને પ્રેસિડન્ટ ડૉલી ઓઝા, નવલકથાકાર કમલેશ ચૌહાણ, માઈકલ મહેતા સહિતના ૨૪ નારીરત્ન મહાનુભાવોનું સન્માન કરાયું હતું.

(Source : www.divyabhaskar.co.in)

## બિન-નિવાસી ગુજરાતીઓને પ્રતિષ્ઠાન સાથે જોડાવા આહવાન




અત્યાર સુધીમાં અનેક બિન-નિવાસી ગુજરાતીઓ ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાઇ ચૂક્યા છે.

**આપ જોડાયા?**

જો આપ ન જોડાયા હોવ તો આજે જ આપનો ડેટાબેઝ (નામ અને સંપર્કની વિગતો) ઈ-મેઇલ **(nrgfoundation@yahoo.co.in)** દ્વારા, કુરિયર કે પોસ્ટ દ્વારા મોકલી ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાવા હાર્દિક આહવાન છે.

## બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પડતા એન.આર.જી. સેન્ટર



બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડવા ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાને ગુજરાતીભરમાં અમદાવાદ, આણંદ, સુરત, વડોદરા, રાજકોટ અને મહેસાણા જેવા મુખ્ય શહેરોમાં એન.આર.જી. સેન્ટર્સ સ્થાપ્યા છે જે બિન નિવાસી ગુજરાતીઓને સુવિધાઓ પુરી પડે છે.

આ સેન્ટર્સ નીચે પ્રમાણેની સુવિધાઓ પુરી પડે છે.

- પ્રવાસન માર્ગદર્શન
- નિવાસ માર્ગદર્શન
- તબીબી સેવાઓમાં માર્ગદર્શન
- વ્યાપાર તકો અંગે માર્ગદર્શન
- શૈક્ષણિક તકો અંગે માર્ગદર્શન
- વિદેશી ચલણ મેળવવા અંગે માર્ગદર્શન
- ખરીદી અંગે માર્ગદર્શન
- બિન નિવાસી ગુજરાતી ડિરેક્ટરીમાં મદદ
- ગુજરાત કાર્ડની અરજીઓ સ્વીકારવી

## ગુજરાત કાર્ડ: ઓનલાઈન મેળવો



બિન-નિવાસી ગુજરાતીઓની ગુજરાત મુલાકાત યાદગાર બનાવવા ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા 'ગુજરાત કાર્ડ' એક આગવી ઓળખ આપવામાં આવે છે. વિદેશમાં વસતા તથા ભારતમાં ગુજરાત બહાર વસતા બિન-નિવાસી ગુજરાતીઓને રૂ.૨૨૫ અથવા ૫ (પાંચ) યુ.એસ. ડોલરની નજીવી કિંમતે ગુજરાત કાર્ડ આપવામાં આવે છે. આ કાર્ડ હવે પ્રતિષ્ઠાનની વેબસાઇટ www.nri.gujarat.gov.in પરથી ઓનલાઇન ફોર્મ ભરી સાથે જરૂરી દસ્તાવેજો જોડી તેમજ પેમેન્ટ ગેટ વે દ્વારા ઓનલાઇન ફી ભરી મેળવી શકાય છે.





# અધિક સચિવશ્રી(NRI), એન.આર.આઇ.પ્રભાગ, સામાન્ય વહીવટ વિભાગ અને નિયામકશ્રી, ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા તાજેતરમાં ગોવા રાજ્યની લીધેલ મુલાકાત.



પણજી ખાતે યોજાયેલ બેઠક

વર્ષ ૨૦૨૧-૨૨ના આગામી સમયમાં ગોવા ખાતે એક દિવસની NRG Meetના આયોજનની ચર્ચા-વિચારણા સારૂ અને ગુજરાતી સમાજના હોદ્દેદારો સાથે બેઠક કરી તેમને કાર્યક્રમની રૂપરેખા સમજાવી આયોજનમાં સહકાર માટે ચર્ચા સારૂ અધિક સચિવ(એન.આર.આઇ) શ્રી એન.પી.લવિંગીયા અને નિયામકશ્રી વિક્રમસિંહ જાદવ દ્વારા તા.૨૧/૦૭/૨૦૨૧ થી તા.૨૪/૦૭/૨૦૨૧ દરમ્યાન ગોવા રાજ્યની મુલાકાત લેવામાં આવી હતી.

મુલાકાત દરમિયાન પણજી ખાતે ઉત્તર ગોવા વિસ્તારને આવરી લઇને નજીકના વિસ્તારો પોંડા, બીચોલી, માપસા અને પરવરી ગુજરાતી સમાજના હોદ્દેદારો સાથે બેઠક યોજી હતી. જેમાં પાટીદાર સમાજ અને જૈન સમાજના હોદ્દેદારો પણ જોડાયા હતા. બેઠકમાં પણજી ગુજરાતી સમાજના પ્રમુખ શ્રીમતી કાજલબેન શાહ, ઉપપ્રમુખ શ્રી પરિશ એસ. મહેતા અને અન્ય મહાનુભાવો જોડાયા હતા.

દક્ષિણ ગોવાના વિસ્તારોને આવરી લઇને મડગાવ ખાતે અલગ બેઠક યોજવામાં આવી હતી. જેમાં વાસ્કોથી પ્રતિનિધિઓ હાજર હતા. ઉપરાંત પટેલ સમાજના હોદ્દેદારો પણ જોડાયા હતા. આ બેઠકમાં મડગાવ ગુજરાતી સમાજના પ્રમુખ શ્રી બાલમભાઇ સાંગાણી, શ્રી વસંતભાઇ પટેલ, વાસ્કોથી શ્રી મુકેશભાઇ અઢીયા, શ્રી મુકેશભાઇ સંગલાણી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

બન્ને બેઠકોમાં અધિક સચિવશ્રી(NRI) તથા નિયામકશ્રી (GSNRGF)એ ગુજરાત સરકારની અગત્યની કામગીરી અને બિન નિવાસી ગુજરાતીઓ માટે હાથ ધરવામાં આવેલ પ્રવૃતોઓની માહિતી આપવામાં આવેલ. ઉપરાંત NRG Meetની રૂપરેખા સમજાવવામાં આવી હતી.

NRG Meetના આયોજન માટે પણજી અને મડગાંવ ખાતેની બંને બેઠકોમાં તમામ વિસ્તાર / જ્ઞાતિના સમાજના હોદ્દેદારોએ રસ દાખવ્યો હતો અને સફળ બનાવવા સહકાર આપવાની પૂરી તૈયારી દાખવી હતી તે બદલ અધિક સચિવશ્રી (NRI), તથા નિયામકશ્રી (GSNRGF) દ્વારા સૌનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.



મડગાવ ખાતે યોજાયેલ બેઠક

# વર્ષાઋતુમાં સોળે કળાએ ખીલી ઊઠતું ગુજરાતનું સ્વર્ગ

# ડાંગ



દક્ષિણ ગુજરાતમાં આવેલો ડાંગ જિલ્લો ડુંગરાળ અને જંગલ પ્રદેશ છે. અહીં સાગ, સાદડ અને વાંસનાં ગાઢ જંગલો વિસ્તૃત પ્રમાણમાં છે. ડાંગનાં જંગલોમાં અનેક દવાઓ માટે વપરાતી વનસ્પતિઓ ઉગે છે. પહેલાં ડાંગ જિલ્લામાં માત્ર આહવા તાલુકો જ હતો, પરંતુ વિભાજન પ્રક્રિયા થયા પછી અન્ય બે તાલુકાઓ વઘઈ તથા સુબીરનો ઉમેરો થયો છે. ડાંગ જિલ્લાની મોટાભાગની વસતી આદિવાસી છે.

કુદરતના અદભુત સાનિધ્યને માણવા માટેનું બેસ્ટ પ્લેસ એટલે ડાંગ. ડાંગમાં સંખ્યાબંધ નાનામોટા ધોધ પણ આવેલા છે. ડાંગના જંગલોની બારે મહિના મુલાકાત લઈ શકાય છે પણ ડાંગ માણવાની સૌથી વધુ મજા વરસાદી મોસમમાં જ આવે.

વરસાદનાં સમયમાં જ્યારે જંગલના વૃક્ષો લીલાછમ હોય ત્યારે ડાંગમાં ફરવાની મઝા જ અલગ છે. પ્રવાસીઓમાં ડાંગ જીલ્લાનું પ્રવાસન સ્થળ સાપુતારા વધુ પ્રખ્યાત બન્યું છે પરંતુ ડાંગમાં સાપુતારા કરતાં પણ વધુ આનંદ આપે તેવા ધોધ, નેશનલ પાર્ક, બોટોનિકલ ગાર્ડન અને મંદિર આવેલા છે. પ્રવાસીઓ ડાંગના ઘણાબધા પ્રવાસન સ્થળોથી અજાણ છે.

ડાંગ જિલ્લામાં ગિરા નદી, અંબિકા નદી, પુર્ણા નદી, ખાપરી નદી, સર્પગંગા નદીઓ આવેલી છે. આ નદીઓ પર ઘણા બધા નાનામોટા ધોધ, જેવાકે બરડીપાડા ધોધ, કાલીબેલ ધોધ, ભેંસકાતરી ધોધ, માયાદેવી ધોધ, શીવઘાટ ધોધ, બરડા ધોધ, જમાલપાડા ધોધ, ગિરામલ ધોધ, ચીમેર ધોધ, ગિરા ધોધ આવેલા છે. આ સિવાય નાના ધોધ પણ ઘણાં આવેલા છે. ડાંગ જીલ્લાના ધોધ જોવા માટે અમદાવાદથી ૩૩૩ કિલોમીટર દૂર સોનગઢ પહોંચવું પડે જ્યાંથી જંગલનો વિસ્તાર શરુ થાય છે. સોનગઢથી ડાંગ જીલ્લામાં પ્રવેશ લઇ ૨૫ કિમી પર બરડીપાડા ધોધ આવે. બરડીપાડાથી આગળ જતાં જમણી બાજુ ૯ કિમી પર કાલીબેલ ધોધ આવે છે. કાલીબેલથી ભેંસકાતરી ધોધ ૭ કિમી પર આવે અને ભેંસકાતરીથી માયાદેવી મંદિર ૧ કિમી ઓફ રોડ પર આવે છે. માયાદેવી મંદિર પુર્ણા નદી કિનારે આવેલું સુંદર સ્થળ છે. મંદિર પાસે ધોધ પણ છે. મંદિર પાસે બેસી નાસ્તો-પાણી કરવાની સગવડ છે. ભેંસકાતરીથી બરડા ધોધ ૩૭ કિમી પર આવે છે. બરડા ધોધથી શિવઘાટ ધોધ ૧ કિમી પર છે. શિવઘાટ મંદિર રોડ પર પહાડોને અડીને આવેલું છે. પહાડો પરથી કુદરતી રીતે મંદિર પર પાણીનો અભિષેક થતો રહે છે. શિવઘાટથી ત્રણ કિમી પર આહવા આવે છે. આહવા ડાંગનું મુખ્ય મથક છે. આહવામાં રહેવાની સગવડ છે. અહીં રાત્રિ રોકાણ કરી શકાય. આહવામાં સનસેટ પોઇન્ટ જોવા જઇ શકાય.

આહવાથી બીજા દિવસે ૫૦ કિમી પર ગિરમલ ધોધ જઇ શકાય. ડાંગ જીલ્લાના ગિરમાળ ગામમાં આવેલો ગિરામલ એ ગુજરાતનો સૌથી ઉંચો ધોધ છે. આ ધોધ ગિરા નદી પર આવેલો છે જે ૩૦૦ ફૂટની ઉંચાઇએથી પડે છે. આટલી ઉંચાઇએથી પડતાં ધોધને જોવાની મજા જ કાંઇ ઓર હોય છે. ગિરામલથી સુબીર નામનું નાનું ટાઉન આવે છે. અહીં નાસ્તો-પાણી કરી શકાય છે. સુબીરથી ૧૮ કિમી દૂર ચીમેર ધોધ છે. સુબીરની આસપાસ શબરી ધામ, પમરાટ સરોવર જોવાલાયક સ્થળ છે. શબરી ધામ પાસે રહેવા માટે એક જંગલ રીસોર્ટ છે. તેમાં મોબાઇલ, ટીવી નેટવર્ક નથી આવતું અને ક્યારેક લાઇટ પણ જતી રહે છે પણ કુદરતની વચ્ચે ડીજીટલ દુનિયાથી બહાર રહેવા માટે આ બેસ્ટ રીસોર્ટ છે. શબરી ધામથી ૬૮ કિમી પર ગિરા ધોધ આવેલો છે. વઘઇ ગામ પાસે આવેલો ગીરા ધોધ ખૂબ સુંદર છે. ચોમાસા સિવાય અહીં ન્હાવા માટે સરસ જગ્યા છે. નજીકમાં વઘઇ પાસે બોટોનિકલ ગાર્ડન અને વાસંદામાં નેચરલ પાર્ક પણ જોવાલાયક સ્થળ છે. વઘઇથી ૬૭ કિમી પર સાપુતારા છે. સાપુતારામાં રાત્રિ રોકાણ કરી સવારે સાપુતારા ફરી અમદાવાદ પરત ફરી શકાય.

# પ્રવાસન

જોકે વરસાદની મોસમમાં મુસાફરી દરમિયાન કેટલીક બાબતો ખાસ ધ્યાનમાં રાખવી. ડાંગમાં મુસાફરી માટે SUV પ્રકારની કાર હશે તો જંગલમાં કાચા રસ્તામાં ફરવામાં આસાની રહેશે. ડ્રાઇવર જંગલના રસ્તાઓ પર ડ્રાઇવીંગ માટે કુશળ હોવો જરુરી છે. જંગલમાં પેટ્રોલ પંપ નથી એટલે ટેન્ક ફુલ કરાવવી જરુરી છે. જંગલના રસ્તાઓમાં સફર કરતી વખતે ગુગલ મેપ અને લોકલ લોકોની મદદ લેવી. સમયસર જંગલમાંથી સલામત જગ્યાએ પહોંચી જવું. કોઇપણ ધોધમાં ન્હાતા પહેલા સેફટીનું ધ્યાન રાખવું. જોખમી સેલ્ફી લેતા પહેલા વિચારવું, જંગલમાં બચાવનાર કોઇ નથી.



ડાંગ જિલ્લો ઐતિહાસિક મહત્વ ધરાવે છે. રામાયણના સમયમાં ડાંગ જિલ્લાને દંડકારણ્ય અથવા દંડકના નામે ઓળખવામાં આવતું હતું. કહેવાય છે કે પાંડવો પણ એક સમયે ડાંગમાં રહ્યા હતા. આજે પણ આહવા નજીક પાંડવા ગામે પાંડવ ગુફા આવેલી છે. આ વિસ્તારમાં મૌર્ય, સાનપ્રાસ, સત્યવાહન, કાહત્રા અને આભીર રાજાઓ રાજ કરી ગયા છે. જ્યારે શિવાજી મહારાજે સુરત પર ચડાઈ કરી ત્યારે ડાંગમાં તેમણે પડાવ નાખ્યો હતો. બાદમાં અંગ્રેજોએ ડાંગનું જંગલ લીઝ પર પણ લીધું હતું અને ત્યાંના મજબૂત લાકડાનો ઉપયોગ તેઓ લડાયક વહાણ અને મકાન બાંધવામાં કરતા હતા. દેશ આઝાદ થયો ત્યાર બાદ ડાંગ જિલ્લાને મુંબઈ સ્ટેટ સાથે ભેળવી દેવામાં આવ્યો હતો. ૧૯૪૮માં ડાંગને અલગ જિલ્લા તરીકે કરવામાં આવ્યો. ૧૯૬૦માં જ્યારે ગુજરાત અને મહારાષ્ટ્ર અલગ થયું ત્યારે ડાંગનો સમાવેશ ગુજરાતમાં કરવામાં આવ્યો.

ડાંગ મોટાભાગે આદિવાસી વસતી ધરાવતો વિસ્તાર છે. અહીંનું હવામાન એકદમ ખુશનુમા રહે છે. કુદરતના ખોળે વસેલું હોવાના કારણે ગરમીમાં પણ અહીં ૨૮ ડિગ્રીથી વધુ તાપમાન નથી રહેતું. ઉનાળામાં રજાઓ ગાળવા માટે ડાંગ સૌથી સારી જગ્યા છે. ખાસ કરીને સાપુતારા ખૂબ જ રળિયામણી જગ્યા છે.


૭૨ ટકા આદિવાસી વસતી ધરાવતા ડાંગ જિલ્લાનું સાંસ્કૃતિક અને લોકજીવન પણ રસપ્રદ છે. અહીં જંગલમાં દીપડાઓ જોવા મળે છે, વાઘનું અસ્તિત્ત્વ આ વિસ્તારમાં નામશેષ થઈ ગયું છે, છતાં વાઘદેવ તરીકે તેની સ્થાપના દરેક ગામની બારીએ (એટલે કે વેશારે યા પાદરે) જોવા મળે છે. ડાંગના ગ્રામ્ય વિસ્તારમાં વસતા લોકો સર્પની પૂજા કરે છે. હોળીના સમયે તેઓ ખાસ ઉજવણી કરે છે. ડાંગ દરબાર અને ડાંગના આદિવાસીઓનું નૃત્ય ખૂબ જ પ્રસિદ્ધ છે.

ડાંગ જિલ્લાનાં લોકનૃત્યોમાં મુખ્યત્વે ડાંગ નૃત્ય, ભાયા નૃત્ય, માદળ નૃત્ય અને ઠાકર્યા નૃત્યનો સમાવેશ થાય છે. મનોરંજન માટે ડાંગ નૃત્ય તથા માદળ નૃત્ય અને ભક્તિ ભાવના વ્યકત કરવા માટે ભાયા તથા ઠાકર્યા નૃત્યો કરવામાં આવે છે.

ડાંગી પ્રજાનાં મુખ્ય વાદ્યોમાં થાળી, પાવરી કે જે ગાય કે બળદનું શીંગડુ (શીંગડું ન મળે તો તાડપત્રનો ઉપયોગ થાય છે) બે વાંસળી અને સૂકી દૂધીનું બનાવવામાં આવે છે તે તથા ઢોલક, માદળ તેમ જ ચઢાક કે ઢાંકાનો સમાવેશ થાય છે.

ડાંગી આદિવાસીઓના દેવોમાં હનુમાનજીની પૂજા વધારે થાય છે. એટલે ગામે-ગામ હનુમાનજીની મૂર્તિઓ હોય છે જેને 'ગાવ હનુમાન' કહેવામાં આવે છે. ડાંગી આદિવાસીઓના બાળકોના નામ મોટેભાગે રામાયણના પાત્રો પરથી વધારે જોવા મળે છે. એટલું જ નહિ આજે પણ 'થાળી' નામના વાદ્ય પર ડાંગી રામાયણની કથા કહેવામાં આવે છે. રામની સ્મૃતિ જંગલમય પ્રદેશને પાવન કરે છે. ડાંગી આદિવાસીઓમાં ડુંગર દેવની પૂજા અત્યંત મહત્ત્વની દેવપૂજા છે. માગશરી પૂનમ પહેલા પંદર વીસ દિવસના ગાળામાં આ પૂજા કરવામાં આવે છે. પૂનમના દિવસે પૂજા સમાપ્ત થાય છે.

(Sources & Photo Courtesy : https://echhapu.com, www.gujaratilexicon.com, www.gujarattourism.com, http://gujratimedia.com, https://gujarattimesusa.com, www.gujaratimidday.com)





# સાયન્સ સિટી

## એક્વાટિક ગેલેરી, રોબોટિક ગેલેરી અને નેચરપાર્ક

અમદાવાદમાં સાયન્સ સિટી ખાતે ડેવલોપ કરવામાં આવેલ એક્વાટિક ગેલેરી, રોબોટિક ગેલેરી અને નેચરપાર્કનું વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ઉદ્ઘાટન કર્યું હતું. સાયન્સ સિટીમાં આ ત્રણેય પ્રોજેક્ટ બાળકોથી લઇ તમામ વયની વ્યક્તિઓમાં પર્યાવરણ અને વિજ્ઞાન ક્ષેત્રે રોમાંચ ઊભા કરે તેવા પ્રકારના બનાવવામાં આવ્યા છે.

સાયન્સ સિટી ખાતે રૂ. ૨૬૯ કરોડના ખર્ચે બનાવાયેલી એક્વાટિક ગેલરી આકર્ષણનું મુખ્ય કેન્દ્ર અને સમુદ્રી જીવપ્રેમીઓ માટે નવું નજરાણું રહેશે. આશરે ૧૫ હજાર ચો.મી.ના ક્ષેત્રફળમાં બનેલી આ એક્વાટિક ગેલરીમાં તાજું પાણી, ખારું પાણી અને દરિયાઈ પાણી ધરાવતી ૬૮ મોટી ટેન્ક છે. આ ટેન્ક શાર્ક, ઝેબ્રા શાર્ક અને ગ્રે રીફ શાર્ક ઉપરાંત પેંગ્વિન જેવી હોલિવૂડની ફિલ્મોમાં જોવા મળતી ૧૮૮ જેટલી વિવિધ દરિયાઈ જીવસૃષ્ટિનું નવું આવાસ બની છે. અહીં ૧૧૬૦૦થી વધુ માછલીઓ એક છત નીચે જોઈ શકાશે.

આ એક્વેરિયમમાં શાર્કની પ્રજાતિઓ જોઈ શકાય તે માટે ૨૮ મીટરની અંડરવોટર વોક-વે ટનલ તૈયાર કરવામાં આવી છે. અહીં ગેલરીમાં ૧૦ અલગ-અલગ ઝોનમાંથી લાવેલી જળચર સૃષ્ટિ દર્શાવવામાં આવી છે, જેમ કે ઈન્ડિયન ઝોન, એશિયન ઝોન, આફ્રિકન ઝોન, અમેરિકન ઝોન, ઓસિયન્સ ઓફ ધ વર્લ્ડ અને અન્ય. દરિયાઈ દુનિયાના રોમાંચક અનુભવ માટે 5-ડી થિયેટર છે. અહીં બધા જ દરિયાઈ જીવો અનોખાં અને આકર્ષક છે. ઓશનેરિયમ ઉપરાંત લાઈટ એન્ડ સાઉન્ડ શૉ, જેમાં ૫૦ ફૂટનું લાઈવ સ્ક્રીન છે એ પણ આકર્ષણ રહેશે. ઉપરાંત શિપ જેવો કેફેટેરિયા પણ છે. ત્રણ સ્પોટ એવા છે, જ્યાં બાળકો સ્પર્શ કરીને, લાઈવ સ્પીસિસને ટચ કરીને અનુભવ મેળવી શકે છે. પાણીની અંદરના અનુભવ ઉપરાંત એશિયાનો સૌથી મોટો વ્યૂઈંગ એરિયા અહીં આપેલો છે જે ૬૦ ફૂટનો છે, જેમાંથી લોકો ફુલ સાઈઝમાં દરિયાઈ જીવસૃષ્ટિને જોઈ શકશે. ઈન્ટરેક્ટિવ ડિસ્પ્લે સિસ્ટમથી તમે જે માછલીને જોતા હોવ એની માહિતી મળી શકશે.




વિશ્વનાં મોટા ભાગનાં એક્વેરિયમ વોટરબોડીની નજીક છે. એ ક્યાં તો મોટી નદીના કાંઠે અથવા તો દરિયાની પાસે જ હોય છે. સાયન્સ સિટીનું આ એકવેરિયમ દુનિયાનું એકમાત્ર એવું યુનિક એક્વેરિયમ છે જે આટલું મોટું હોવા છતાં દરિયા પર નથી, દરિયાથી દૂર એવી જમીનના ભાગમાં ઘણું અંદર (ઇનલેન્ડ) છે. દુનિયાના બીજાં પ્રખ્યાત એક્વેરિયમ જેવા કે માયામી, ટર્કી, કોપનહેગન, ચીનના એક્વારિયમ દરિયાની નજીક છે. આપણું એક્વાટિક આ સાઈઝનું પહેલું એક્વેરિયમ છે જે દરિયાથી દૂર છે છતાં એમાં વાતાવરણ દરિયા જેવું જ હશે. અહીં માછલીઓને સોલ્ટ વોટર અને દરિયા જેવું વાતાવરણ આપવામાં આવ્યું છે. બીજી જીવસૃષ્ટિને પણ તેના કુદરતી રહેઠાણ જેવું જ વાતાવરણ અહીં આપવામાં આવ્યું છે. દુનિયામાં આ કક્ષાના એક્વેરિયમ બહુ ઓછાં છે કારણ કે એને બનાવવું અને ચલાવવું એ ખૂબ પડકારજનક કામ છે, કેમ કે અહીં વાસ્તવિક સજીવ જીવસૃષ્ટિને સાચવવાની છે.

# ગુજરાતનું ગૌરવ







સાયન્સ સિટીમાં ૧૧૦૦ સ્કેવર મીટર વિસ્તારમાં ત્રણ માળની રોબોટિક ગેલેરી બનાવવામાં આવી છે જેમાં ૭૯ પ્રકારના ૨૦૨ રોબોટ છે. એક્વાટિક ગેલેરીની નજીક જ રોબોટિક ગેલેરીનું નિર્માણ કરવામાં આવ્યું છે જેમાં રોબોટિક ટેકનોલોજીના અતિ આધુનિક યુગનું પ્રદર્શન કરવામાં આવ્યું છે. પ્રવેશદ્વારે એક વિશાળ રોબોટિક સ્કલ્પચર મૂકવામાં આવ્યું છે. આ મ્યુઝિયમ એક પ્રકારની માનવ રોબોટ ક્રિયાપ્રતિક્રિયા માટે બનાવવામાં આવ્યું છે. ગેલેરીમાં આવતા મુલાકાતીઓનું સામાજિક અભિગમવાળા હ્યુમનોઈડ રિસેપ્શન રોબોટ દ્વારા સ્વાગત અને અભિવાદન કરવામાં આવશે. અહીં ઓરકેસ્ટ્રા રોબોટ્સ સાથે તાલ મીલાવતા ટ્રમ્પેડ, ડ્રમ તથા પીયાનો વગાડતા અને તેના તાલે ડાન્સ કરતા રોબોટ જોવા મળશે. રોબોટીક ગેલેરીમાં કાફેટેરીયા આવેલો છે જ્યાં શેફ દ્વારા તૈયાર કરાયેલ ખોરાક રોબો વેઇટર દ્વારા પીરસવવામાં આવે છે.

રોબોટીક ગેલેરીમાં રહેલા રોબોટ્સની વાત કરીએ તો અહીં સ્ટેટીક અને ફન્કશનલ એમ બે પ્રકારના રોબોટ છે. કોર્ટયાર્ડમાં ટ્રાન્સફોર્મર અને અસિમો પ્રકારના રોબોટ જોવા મળશે. રિસેપ્શન એરીયામાં ગાઇડ રોબો, રિસેપ્શનિસ્ટ રોબો, પેઇન્ટર રોબો, ગ્લાસ ક્લિનિંગ અને થ્રીડી સ્કેનર રોબો એમ પાંચ પ્રકારના રોબો જોવા મળશે.

હિસ્ટ્રી ગેલેરીમાં ક્લોક વર્ક પ્રેયર અને વાબોટ સહિતના ૧૮ પ્રકારના રોબો જોવા મળશે. સ્પોર્ટ-ઓ-મેનિયા અને રોબોથોનમાં સોકર, ફાઇટર, એરહોકી અને બેડમીંટન રમતા ચાર પ્રકારના રોબો જોવા મળશે. બોટ્યુલીટીમાં ડીઆરડીઓ, ઇન્ડસ્ટ્રીયલ અને પ્રિસિશન તથા ટેરન સહિતના ૧૮ પ્રકારના રોબો જોવા મળશે. ઇન્ડોબોટસમાં સ્વદેશી બનાવટના સાત પ્રકારના રોબો મોડલ જોવા મળશે. નાટ્ય મંડપમાં પીયાનો ડ્રમ વગાડતા અને ડાન્સ કરતા ચાર પ્રકારનો રોબોટ જોવા મળશે. ઓગમેન્ટેડ રીયાલીટી અને વર્ચ્યુઅલ રીયાલીટી ગેલેરીમાં લશ્કરી તાલીમ, શિક્ષણ, કાર રેસીંગ સહિતના નવ પ્રકારના રોબોટ જોવા મળશે. કેફેટેરીયામાં શેફ અને વેઇટરમાં પાંચ પ્રકારના રોબોટ જોવા મળશે. આ સિવાય ગેલેરીમાં પ્રિન્ટીંગ વર્કશોપમાં ચાર રોબોટ અને ૧૭ કીટ રાખવામાં આવી છે.

એક્વેટિક ગેલેરીની સાથોસાથ અહીં નેચર પાર્ક પણ ડેવલોપ કરવામાં આવ્યો છે જેમાં વનસ્પતિની વિવિધ જાતિઓને તેમજ એવા પ્રાણી કે જેવો હાલ લુપ્ત થયા હોય તેમના સ્કલ્પચર મુકવામાં આવ્યા છે. સાયન્સ સિટી ખાતે આઠ હેક્ટરમાં નેચર પાર્ક નિર્માણ પામ્યું છે. આ પાર્કમાં ૭ હેકટર જગ્યામાં વિવિધતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતા વિવિધ પ્રકારના છોડ તથા વૃક્ષો છે. એક હેકટરમાં આવેલા વોટર બોડીમાં મુલાકાતીઓ નૌકા વિહારની પણ મજા માણી શકશે. નેચર પાર્ક ખાતે મુખ્ય આકર્ષણમાં બટરફ્લાય ગાર્ડન, ગાર્ડન ઓફ કલ્ચર, ઓક્સિજન પાર્ક, ભૂલભૂલૈયા ગાર્ડન, યોગા ગાર્ડન, જોગિંગ પાર્ક, વોકિંગ પાર્ક, ચિલ્ડ્રન પ્લે એરિયા તથા વિવિધ સેલ્ફી પોઇન્ટનો સમાવેશ કરવામાં આવ્યો છે.

(Source & Photo Courtesy : www.divyabhaskar.co.in, https://pbs.twimg.com)





# વિશ્વામિત્રી નદી

વડોદરા શહેરની મધ્યમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદીનું મૂળ પાવાગઢ ડુંગર પર છે. નદીનું નામ ઋષિ વિશ્વામિત્ર ઉપરથી પડ્યું હોવાનું મનાય છે. આ નદી ખાનપુર ગામ નજીક ખંભાતના અખાતને મળતા પહેલાં ઢાઢર નદી અને ખાનપુર નદી સાથે જોડાય છે. પાવાગઢમાંથી નીકળતી વિશ્વામિત્રી આમ તો ઢાઢર નદીની જ એક શાખા છે. વડોદરાના નાના મોટા અનેક જળાશયો સીધી અથવા તો આડકતરી રીતે વિશ્વામિત્રી સાથે જોડાય છે અને એ રીતે ચોમાસામાં વડોદરાના અનેક જળાશયોનું વધારાનું પાણી વિશ્વામિત્રીમાં ઠલવાય છે. આ નદી પર અનેક બંધ આવેલા હોવા છતાં સહાયક નદીઓને કારણે તેમાં પૂર આવતું રહે છે. ૧૯૯૪થી વિશ્વામિત્રીમાં ૮ જેટલા પૂરા આવી ચૂક્યા છે.

વિશ્વામિત્રી નદી ૨૫૦થી વધારે મગરોનું ઘર છે. ચોમાસામાં જ્યારે વિશ્વામિત્રીમાં પૂર આવે ત્યારે મગરો નદીમાંથી બહાર આવી કિનારે વસતા લોકોના ઘરમાં ઘૂસી જાય છે. ક્યારેક તો મુખ્ય રસ્તા સુધી આવી જાય છે. વડોદરા શહેરમાં ૨૦૧૯માં પૂર આવ્યુ ત્યારે વિશ્વામિત્રી નદીના પાણી શહેરના કેટલાક વિસ્તારોમાં પ્રવેશ્યા હતા અને તે સમયે લગભગ ૧૦૦ જેટલા મગરો નદીની બહાર આવી ગયા હતા. હવે દરેક ચોમાસામાં મગરો બહાર આવવાની ઘટનાઓ બનવા માંડી છે. ભારતમાં આવેલી કદાચ આ એવી એક માત્ર નદી છે જે શહેરની મધ્યેથી પસાર થાય છે અને ખુબજ નાનો પટ ધરાવતી હોવા છતાં તેમાં મોટી સંખ્યામાં મગરો છે. વિશ્વામિત્રી નદીનું પ્રદૂષણ અને માનવીય વિક્ષેપ હોવા છતાં આટલી મોટી સંખ્યામાં મગરની હાજરી આ નદીનું વિશિષ્ટ ઇકોલોજીકલ મહત્વ સૂચવે છે.

પાવાગઢથી નીકળતી અને જંબુસર પાસે દરિયાને મળતી વિશ્વામિત્રી નદી અને તેની આસપાસનો કિનારો પશુ, પક્ષી, સસ્તન પ્રાણીઓ, માછલીઓ અને જીવજંતુઓ મળીને લગભગ ૬૫૦૦ જેટલી પ્રજાતિઓનું ઘર છે. આ જ રીતે ઘાસથી માંડીને નાની મોટી ૩૫૦૦ જેટલી વનસ્પતિની પ્રજાતિઓ વિશ્વામિત્રીના કિનારે જોવા મળે છે.

ઇ.સ. પૂર્વે ૧૦૦૦ના પથ્થર યુગની માનવ વસાહત વિશ્વામિત્રી નદીના કાંઠે મળી આવી છે. વડોદરાના આર્ટ હિસ્ટોરિયન ચંદ્રશેખર પાટીલનું કહેવું છે કે હજારો વર્ષ જુની વિશ્વામિત્રી નદીના કિનારે બીજીથી સાતમી સદી દરમિયાન અંકોટક (આજનુ અકોટા) અને વટપદ્રક (આજનો કોઠી વિસ્તાર) એમ બે વસાહતો સ્થપાઈ હતી. જે ટેકરા ઉપર અંકોટક વસાહત સ્થપાઈ તે ટેકરો ધનટેકરી તરીકે લોકપ્રિય છે. આજે જ્યાં કાલાઘોડા બ્રિજ છે ત્યાં પહેલો પુલ લગભગ ૧૪૮૦ની આસપાસ અહેમદશાહે બનાવ્યો હતો. વિશ્વામિત્રીની આસપાસ જ આજનું વડોદરા શહેર પછી વિકસતું ગયું હતું.

આજે ભલે વિશ્વામિત્રી પ્રદુષિત બની ગઈ હોય પણ ઇ.સ. ૧૯૫૧ સુધી વિશ્વામિત્રીનુ પાણી વડોદરાના લોકો નહાવા માટે અને પીવા માટે પણ ઉપયોગમાં લેતા હતા. વડોદરા શહેરના નદી કિનારાના ઘાટો પણ ચોખ્ખા હતા. રાજમહેલની પાછળના ભાગમાં એક બોટ હાઉસ હતું અને રાજવી પરિવાર કામનાથ મહાદેવના દર્શન કરવા માટે બોટમાં જતો હતો. વિશ્વામિત્રી નદી કાંઠે છત્રી, પ્રતાપપુરા સરોવર, ઓલ્ડ બ્રિજ, સસ્પેન્શન બ્રિજ, બોટ હાઉસ જેવા ઐતિહાસિક મહત્વનાં ઘણાં સ્થળો છે.

ચંદ્રશેખર પાટીલના જણાવ્યા પ્રમાણે વડોદરા શહેરમાં નદીના કિનારે ચાર મહત્વના મંદિરો રામનાથ, કામનાથ, યવતેશ્વર મહાદેવ અને નિલકંઠેશ્વર મહાદેવ સ્થપાયેલા છે. આ સિવાય વિશ્વામિત્રી નદીના કિનારે ૩૫૦૦ જેટલી સમાધિઓ હતી જેમાંથી હાલ લગભગ ૯૫૦ જેટલી સમાધિઓ બચી છે. એક સમયે વડોદરાના શ્રીમંત પરિવારોમાં યાદગીરી સ્વરૂપે વિશ્વામિત્રી નદીના કિનારે સમાધિ બનાવવાનો રિવાજ હતો જેની આ સમાધિઓ સાક્ષી છે.

સૌરાષ્ટ્રમાં જન્મેલા ક્રાંતિકારી સમાજસુધારક મહર્ષિ દયાનંદ સરસ્વતી વડોદરાના વિશ્વામિત્રી ઘાટ પર આવેલી ગુફાઓમાં સંતાયા હતા. ઉપરાંત મહારાજા સયાજીરાવના સમયમાં વિશ્વામિત્રી નદીના ખળખળ વહેતા પ્રવાહ પાસે ઘાટ પર જ નૃત્ય, સંગીતની પ્રસ્તુતિ તેમજ ફોટો પ્રદર્શન થતું હતું.

(Sources & Photo Courtesy : Gujarat Samachar, www.divyabhaskar.co.in, https://en.wikipedia.org, https://timesofindia.indiatimes.com)